દિવ્યાંગજનો માટે યોગ્ય શબ્દપ્રયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંક:- SJED/MIS/GOI/17/2025/0216/CHH-1 Section

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૨૫

**વંચાણે લીધા**:-

(૧) ભારત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનો તા.૦૯/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:-R-22033/3/2021-DD-II/V(E-15623).

(૨) The Rights of Persons with Disabilities Act,2016.

(૩) અત્રેના વિભાગનો તા.૦૧/૦૬/૨૦૨૧ નો પરિપત્ર ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૬/૬૮૦૬૬/છ.૧

**આમુખ**:-

સંયુક્ત રાષ્ટ્રના કન્વેશન ઓન ધ રાઇટ ઓફ પબ્લીક વીથ ડીસએબીલીટી (UNCRPD)માં ભારત સહીકર્તા સભ્ય છે તથા તેને અનુસરીને ભારત સરકાર દ્વારા The Rights of Persons with Disabilities act, 2016 અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદા દ્વારા દિવ્યાંગોને સન્માનપૂર્વક અને ગૌરવમય જીવન જીવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. દિવ્યાંગો માટે વિકલાંગ/અપંગ/અશક્ત વગેરે જેવાં શબ્દોનો ઉપયોગ કરવો એ RPWD Act, 2016 તથા UNCRPD મુજબ વિસંગત તથા અપરાધ છે.

વંચાણે લીધેલ ક્રમ-(૩) પરનાં પરિપત્રથી શારિરીક અશક્ત વ્યક્તિઓ માટે "દિવ્યાંગજન" શબ્દ પ્રયોજવા બાબત તથા યોજનાઓના નામ સુધારવા બાબતે સુચના પરિપત્રિત કરેલ હતી. વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ભારત સરકારના પત્રથી દિવ્યાંગો માટે વિકલાંગ જેવા શબ્દ ન વપરાય તે બાબતે વિશેષ કાળજી લઇ, ડોક્યુમેન્ટ, યોજનાઓ, કાર્યક્રમ વગેરેમાં દિવ્યાંગોનું સન્માન જળવાઇ રહે તે રીતે યોગ્ય શબ્દપ્રયોગ કરવા સૂચના આપેલ છે.

**પરિપત્ર**:-

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમ-(૧) ના સૂચન મુજબ તથા વંચાણે લીધેલ ક્રમ-(૨) ના કાયદા મુજબ ગુજરાત રાજ્યમાં શારિરીક અશક્ત વ્યક્તિઓ માટે નીચે મુજબનાં શબ્દપ્રયોગ કરવાની સૂચના આથી પરિપત્રિત કરવામાં આવે છે.

"Viklang, Viklangta" ના સ્થાને "Divyangjan, Divyangta, Divyang"

"Disabled" ના સ્થાને "Persons with Disability",

"Mental Retardation" ના સ્થાને "Intellectual Disability" અને

"Deaf and Dumb" ના સ્થાને "Hearing Impaired"

દિવ્યાંગોનો ઉલ્લેખ હોય તેવી વિભાગોની યોજનાઓ, દૈનિક અખબાર પત્રો, ડોક્યુમેન્ટ, કાર્યક્રમોમાં ઉપર સુચવ્યા મુજબનાં શબ્દો પ્રયોજવાનાં રહેશે.

આ સુચના વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.) ની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડી.એસ.શર્મા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર. (પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રીના અંગત સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:D.S.Sharma
Deputy Secretary
Date: 2025.02.03
18:17:39 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર,
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લાના કલેકટરશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેકશન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ- ૨૦૨૫

Signature Not Verified
Signed by:D.S.Sharma
Deputy Secretary
Date: 2025.02.03
18:17:39 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign